તારીખ : 20/07/2026


# સાવરકુંડલા-લીલીયા હવે બનશે 'ફાટક મુક્ત'

## વર્ષો જૂના સંકલ્પને સાકાર કરવાની ઐતિહાસિક શરૂઆત






સાવરકુંડલા :વર્ષો સુધી રેલવે ફાટકો પર અટવાતી જિંદગીઓ, લાંબી વાહનોની કતારો, વિદ્યાર્થીઓનો બગડતો સમય, વેપાર-ધંધાને પડતી અસર અને ઈમરજન્સી સમયે એમ્બ્યુલન્સને પણ રાહ જોવી પડતી મુશ્કેલીઓ હવે ઈતિહાસ બનવા તરફ આગળ વધી રહી છે. સાવરકુંડલા-લીલીયા વિધાનસભા વિસ્તારને 'ફાટક મુક્ત' બનાવવવાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાના દૃઢ સંકલ્પને હવે કેન્દ્ર સરકારની મંજૂરીનું મજબૂત બળ મળ્યું છે.કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૩૨.૫૪ કરોડના ખર્ચે ત્રણ મહત્વપૂર્ણ રેલવે અન્ડરબ્રિજોના નિર્માણને મંજૂરી આપવામાં આવી છે અને તેની ટેન્ડર પ્રક્રિયા પણ શરૂ થઈ ગઈ છે. આ સાથે જ વર્ષોથી પ્રજાને સતાવતી સમસ્યાના કાયમી નિરાકરણની દિશામાં ઐતિહાસિક શરૂઆત થઈ છે.આ યોજના અંતર્ગત લીલીયા શહેરના LC-41C (લીલીયા જાહેર હોસ્પિટલ નજીક), LC-42B-1 (અમરેલી-ક્રાંકચ રોડ, નાના લીલીયા ફાટક) તથા સાવરકુંડલા શહેરના LC-61C (સ્મશાન પાસેના રેલવે ફાટક) ખાતે આધુનિક અન્ડરબ્રિજનું નિર્માણ કરવામાં આવશે.આ સફળતા પાછળ ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાના સતત અને દૃઢ પ્રયાસો રહેલા છે. તેમણે રેલવે વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને ટેકનિકલ એન્જિનિયરો સાથે સ્થળ મુલાકાતો કરી, ટ્રાફિકનો અભ્યાસ કરાવ્યો, વાહનોની દૈનિક અવરજવર, સ્થાનિકોની મુશ્કેલીઓ અને ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને યોગ્ય ટેકનિકલ વિકલ્પો રજૂ કર્યા હતા. આ સઘન અનુસંધાન બાદ કેન્દ્ર સરકારે



## ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના સતત પ્રયાસોને કેન્દ્ર સરકારની લીલી ઝંડી – ત્રણ રેલવે અન્ડરબ્રિજ માટે રૂ. ૩૨.૫૪ કરોડ મંજૂર

## દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ,રેલ્વે મંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવ,અમરેલી જીલ્લા સાંસદશ્રી ભરતભાઈ સુતરીયાનો આભાર માનતા શ્રી કસવાલા



અન્ડરબ્રિજોને મંજૂરી આપી ટેન્ડર પ્રક્રિયા શરૂ કરી છે.આ અન્ડરબ્રિજોના નિર્માણ બાદ દરરોજ હજારો વિદ્યાર્થીઓ, દર્દીઓ, ખેડૂતો, વેપારીઓ, નોકરિયાતો અને સામાન્ય નાગરિકોને રેલવે ફાટકો બંધ રહેવાના કારણે થતી લાંબી રાહમાંથી મુક્તિ મળશે. સૌથી મહત્વની વાત એ છે કે એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ અને અન્ય ઈમરજન્સી સેવાઓ હવે કોઈ અવરોધ વિના ઝડપથી પસાર થઈ શકશે, જે અનેક કિંમતી જિંદગીઓ બચાવવામાં પણ મદદરૂપ બનશે.આ અંગે ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતું કે,“મારા માટે વિકાસનો અર્થ માત્ર રસ્તા કે મકાનો નથી, પરંતુ લોકોના સમયનું મૂલ્ય, તેમની સુરક્ષા અને જીવનને સરળ બનાવવું છે. સાવરકુંડલા અને લીલીયાના રેલવે ફાટકો વર્ષોથી પ્રજાની પીડાનું કારણ રહ્યા છે. કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકારના સહયોગથી આજે ‘ફાટક મુક્ત સાવરકુંડલા-લીલીયા’ના સંકલ્પને સાકાર કરવાની ઐતિહાસિક શરૂઆત થઈ છે. આ તો વિકાસયાત્રાનું પ્રથમ પગથિયું છે; હજુ અનેક લોકહિતના કાર્યોને સાકાર કરવા માટે હું સતત પ્રયત્નશીલ રહીશ.”આ મહત્વપૂર્ણ નિર્ણયને સમગ્ર સાવરકુંડલા-લીલીયા પંથકમાં આવકાર મળ્યો છે. વેપારીઓ, વિદ્યાર્થીઓ, ખેડૂતો, સામાજિક સંસ્થાઓ અને સામાન્ય નાગરિકોએ વર્ષો જૂની સમસ્યાના કાયમી નિરાકરણ તરફ આગળ વધેલા આ ઐતિહાસિક પગલાં બદલ ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાના પ્રયાસોની પ્રશંસા કરી છે.“વર્ષોની પીડામાંથી રાહત... વિકાસ તરફ મજબૂત પગલું...”આ માત્ર ત્રણ અન્ડરબ્રિજોની મંજૂરી નથી; પરંતુ તે પ્રજાના સમયનો સન્માન, સુરક્ષાનું વચન અને સાવરકુંડલા-લીલીયાને વધુ સુવ્યવસ્થિત, ઝડપી અને આધુનિક બનાવવાના નવા યુગની શરૂઆત છે. ‘ફાટક મુક્ત સાવરકુંડલા-લીલીયા’ હવે માત્ર કલ્પના નથી, પરંતુ સાકાર થતું જનસંકલ્પ છે.ખર્ચે બનશેઆ સાવરકુંડલા- લીલીયા  ને ફાટક મુકત મુકત કરવા દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ,રેલ્વે મંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવ,અમરેલી જીલ્લા સાંસદશ્રી ભરતભાઈ સુતરીયાનો ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ માન્યો હતો....

## ટ્રાફિકની પીડા, લાંબી રાહ અને અકસ્માતોના ભયમાંથી મળશે કાયમી મુક્તિ – વિકાસને મળશે નવી ગતિ લીલીયા શહેરના LC-41C લીલીયા થી સરકારી હોસ્પિટલ , LC-42B-1 અમરેલી-ક્રાંકચ રોડ-નાના લીલીયા ફાટકતથા સાવરકુંડલા શહેરના LC-61C - સ્મશાન પાસેના રેલવે ફાટક ની જગ્યાએ આધુનિક અન્ડરબ્રિજનું નિર્માણ

## ‘ફાટક મુક્ત સાવરકુંડલા-લીલીયા’ હવે માત્ર કલ્પના નથી, પરંતુ સાકાર થતું જનસંકલ્પ છે.

તારીખ : 20/07/2026

# અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના રબારીકા ગામે ઘર આંગણે સૂતેલા વૃદ્ધ પર સિંહનો હુમલો, માથામાં ઈજા થતાં હોસ્પિટલ ખસેડાયા

અમરેલી જિલ્લાના ગીર સરહદે આવેલા ગામોમાં માનવ અને સિંહ વચ્ચેનો સંઘર્ષ દિવસેને દિવસે ગંભીર બનતો જઈ રહ્યો છે. આવા જ વધુ એક બનાવમાં ખાંભા તાલુકાના તુલસીશ્યામ રેન્જ હેઠળ આવેલા રબારીકા ગામે મોડી રાત્રે ઘર આંગણે સૂતેલા વૃદ્ધ પર સિંહે હુમલો કર્યો હતો. હુમલામાં વૃદ્ધના માથાના ભાગે ઈજા થતાં તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.મળતી માહિતી મુજબ રબારીકા ગામમાં રાત્રિના સમયે એક સિંહ રહેણાંક વિસ્તારમાં ઘૂસી આવ્યો હતો. તે દરમિયાન પોતાના ઘર આંગણે સૂતેલા રવજીભાઈ સેંજલિયા પર સિંહે અચાનક હુમલો કર્યો હતો. હુમલામાં તેમના માથાના ભાગે ઈજા પહોંચી હતી. વૃદ્ધની બૂમો સાંભળીને પરિવારજનો અને આસપાસના લોકો દોડી આવતા સિંહ જંગલ તરફ ભાગી ગયો હતો.બનાવની જાણ થતાં જ તુલસીશ્યામ રેન્જનો વન વિભાગનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરી હતી. ઈજાગ્રસ્ત વૃદ્ધને પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે ઉના હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સાથે જ આસપાસના વિસ્તારમાં સિંહની હિલચાલ પર નજર રાખવાની કામગીરી પણ શરૂ કરવામાં આવી છે.


ખાંભા–તુલસીશ્યામ રેન્જના આર.એફ.ઓ. નિકુલ નકુમએ જણાવ્યું હતું કે રબારીકા ગામમાં સિંહના હુમલાની ઘટના બની છે. હુમલામાં વૃદ્ધને ઈજા પહોંચી છે અને તેમને



વધુ સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. સમગ્ર ઘટનાની તપાસ ચાલી રહી છે.ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક સમયથી અમરેલી જિલ્લાના ગીર સરહદી વિસ્તારોમાં માનવ-સિંહ સંઘર્ષની ઘટનાઓમાં વધારો નોંધાઈ રહ્યો છે. અગાઉ ખાંભા તાલુકાના ચતુરી ગામમાં સિંહના હુમલામાં એક બાળકનું મૃત્યુ થયું હતું. તાજેતરની આ ઘટનાથી રબારીકા સહિત આસપાસના ગામોમાં ભયનો માહોલ વ્યાપી ગયો છે.ગ્રામજનોએ વન વિભાગ સમક્ષ સિંહોની વધતી અવરજવર રોકવા, રાત્રિ દરમિયાન પેટ્રોલિંગ વધારવા અને રહેણાંક વિસ્તારોમાં લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા અસરકારક પગલાં લેવા માંગ કરી છે.

તારીખ : 20/07/2026

# અમદાવાદ ફટાકડા ફેક્ટરી આગના મૃતકોને મોરારિબાપુની શ્રદ્ધાંજલિ, પીડિત પરિવારોને સહાય



કેન્યાના કેરિયો ખાતે ચાલી રહેલી રામકથા દરમિયાન પૂજ્ય મોરારિબાપુએ અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં આવેલી ફટાકડાની ફેક્ટરીમાં સર્જાયેલી આગની દુર્ઘટનામાં જીવ ગુમાવનાર લોકોને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. સાથે જ પીડિત પરિવારોને આર્થિક સહાયની જાહેરાત પણ કરી હતી.અમદાવાદની ફટાકડાની ફેક્ટરીમાં લાગેલી ભીષણ આગમાં બાળક સહિત 9 લોકોના કરુણ મોત થયા હતા. આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા દરેકના પરિવારને રૂ. 15 હજાર મુજબ કુલ રૂ. 1.35 લાખની સહાય મોરારિબાપુ દ્વારા જાહેર કરવામાં આવી છે.આ ઉપરાંત 18 જુલાઈએ મહુવા નેશનલ હાઈવે પર સર્જાયેલા માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા વ્યક્તિના પરિવારને પણ રૂ. 15 હજારની સહાય જાહેર કરવામાં આવી છે.પૂર્વ યુગાન્ડાના કાપચોરવા જિલ્લામાં આવેલા સીપી ધોધની મુલાકાતે ગયેલા શાળાના વિદ્યાર્થીઓની બસ દુર્ઘટનામાં 20 વિદ્યાર્થીઓ સહિત કુલ 21 લોકોના મોત નિપજ્યા હતા. આ દુર્ઘટનાના મૃતકોના પરિવારોને પણ પ્રતિ પરિવાર રૂ. 15 હજાર મુજબ કુલ રૂ. 3.15 લાખની સહાય જાહેર કરવામાં આવી છે. સ્થાનિક રામકથાના શ્રોતાઓ દ્વારા આ સહાય સ્થાનિક ચલણમાં પીડિત પરિવારો સુધી પહોંચાડવામાં આવશે.મોરારિબાપુએ ત્રણેય દુર્ઘટનાઓમાં જીવ ગુમાવનાર આત્માઓને શ્રદ્ધાંજલિ અર્પી તેમના પરિવારજનો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી.

કે.ડી. NEWS

તારીખ : 20/07/2026

# પ્રથમ વરસાદે જ ધોવાઈ ગયો ફુલઝર નદી પરનો નવનિર્મિત પુલ

## ઉદ્ઘાટન પહેલાં જ રૂ. 10 લાખના ખર્ચે બનેલા પુલની પોલ ખુલતા ગુણવત્તા સામે સવાલો; ખેડૂતોને 10 કિમીનો ફેરો, તટસ્થ તપાસની માંગ






અમરેલી: અમરેલી જિલ્લાના છેવાડાના કૃષ્ણગઢથી મિતિયાળા તરફ જતાં માર્ગ પર ફુલઝર નદી ઉપર અંદાજે રૂ. 10 લાખના ખર્ચે બનાવવામાં આવેલ નવો પુલ પ્રથમ વરસાદમાં જ ધોવાઈ જતાં બાંધકામની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. ચોંકાવનારી બાબત એ છે કે પુલનું હજુ સુધી સત્તાવાર ઉદ્ઘાટન પણ થયું નહોતું અને તે પહેલાં જ વરસાદમાં ધોવાઈ જતાં સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.પુલ ધોવાઈ જતાં કૃષ્ણગઢ, મિતિયાળા, બગોયા, અભરામપરા સહિતના ગામોના લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. બંને બાજુ આવેલી 50થી વધુ વાડીઓમાં જવા માટે ખેડૂતોને અંદાજે 10 કિલોમીટરનો વધારાનો ફેરો મારવો પડી રહ્યો છે. ખેતીની સીઝન દરમિયાન આ માર્ગ બંધ થતાં 100 જેટલા ખેડૂતો તેમજ અન્ય રાહદારીઓને દૈનિક અવરજવરમાં ભારે મુશ્કેલી પડી રહી છે.તાલુકા પંચાયત ના સદસ્ય પરબત ભાઈ કોઠીયા અને સ્થાનિક ગ્રામજન ચંપુ ભાઈ ધાધલ નો આક્ષેપ છે કે પુલના બાંધકામમાં ગેરરીતિ અને ગુણવત્તાનો અભાવ હોવાથી પ્રથમ વરસાદમાં જ પુલ ધોવાઈ ગયો છે. ગ્રામજનોએ સમગ્ર મામલે તટસ્થ તપાસ કરીને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની તેમજ નવો અને મજબૂત પુલ બનાવવાની માંગણી કરી છે.આ અંગે આર એન્ડ બી વિભાગના એસઓ કેવલ કલસરિયાએ જણાવ્યું હતું કે, "પુલનું પેમેન્ટ હાલ રોકી દેવામાં આવ્યું છે. ખેડૂતો અને રાહદારીઓને હાલાકી ન પડે તે માટે તાત્કાલિક ધોરણે માટીકામ અને પથ્થર નાખી માર્ગને પ્રાથમિક ધોરણે શરૂ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે."પુલ ધોવાઈ ગયાની જાણ થતાં તંત્ર તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યું હતું અને ધોવાણ થયેલા ભાગમાં માટી તથા પથ્થર ભરી અવરજવર શરૂ કરવાના પ્રયાસો શરૂ કર્યા હતા. જોકે ગ્રામજનોનું કહેવું છે કે આ માત્ર કામચલાઉ વ્યવસ્થા છે અને સમગ્ર મામલે જવાબદારી નક્કી કરી ગુણવત્તાસભર નવો પુલ બનાવવામાં આવે તે જરૂરી છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 20/07/2026


SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

ૐ શાંતિ ૐ

## ભાવભીની શ્રદ્ધાંજલિ - હૃદયાંજલિ



શ્રી પી.પી.એસ, હાઈસ્કૂલ, વંડાના પૂર્વ શિક્ષક સ્વ. મનસુખભાઈ નાગજીભાઈ રામાણીનું તા. ૧૭ જુલાઈ, ૨૦૨૬ના રોજ થયેલ દુઃખદ અવસાન અમારા સૌ માટે અત્યંત આઘાતજનક અને ન પૂરાય તેવી ખોટ છે.

આદરણીય ગુરુજી માત્ર અમને પાઠયપુસ્તકનું જ્ઞાન આપનાર શિક્ષક નહોતા, પરંતુ પ્રેમ, હૂંફ, શિસ્ત અને આત્મીયતાથી અમારા જીવનનું ઘડતર કરનાર સાચા માર્ગદર્શક હતા. તેમણે આપેલી વિદ્યા, સંસ્કાર, પ્રેરણા અને જીવનમૂલ્યો આજે પણ અમારા જીવનપથને પ્રકાશિત કરે છે. તેમનો સરળ સ્વભાવ, સ્નેહસભર સ્મિત, વિદ્યાર્થીઓ પ્રત્યેની લાગણી અને કર્તવ્યનિષ્ઠા અમારી સ્મૃતિમાં સદાય જીવંત રહેશે.

ગુરુજીની વિદાયથી શિક્ષણજગતે એક સમર્પિત શિક્ષક અને અમે સૌએ એક પ્રેમાળ ગુરુજન ગુમાવ્યા છે. પરમકૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને ચિરશાંતિ અર્પે તથા શોકસંતપ્ત પરિવારજનોને આ અસહ્ય દુઃખ સહન કરવાની શક્તિ આપે—એ જ અમારી અંતઃકરણપૂર્વકની પ્રાર્થના.

**શત્ શત્ નમન... ૐ શાંતિ...**

**લિ. શ્રી પી.પી.એસ. હાઈસ્કૂલ, વંડાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ**

| | |
|---|---|
| રમેશભાઈ રાઠોડ (ખારા વાળા) | હસમુખભાઈ પાંચાણી |
| રમેશભાઈ પાંચાણી | ભાર્ગવભાઈ પાંચાણી |
| લાલજીભાઈ કથિરિયા | ખુશાલદાસ રાદડિયા |
| જીજ્ઞેશભાઈ સોલંકી | મનીષભાઈ ઉપાધ્યાય |

કે.ડી. NEWS
તારીખ : 20/07/2026

# કેન્યાના કેરીચોમાં પૂજ્ય મોરારિબાપુના હસ્તે આફ્રિકન બાળકો માટેના પુસ્તકાલયનું લોકાર્પણ



કેન્યાના કેરીચો શહેરમાં ચાલી રહેલી પૂજ્ય મોરારિબાપુની ૯૮૧મી રામકથા દરમિયાન આફ્રિકન બાળકો માટે નિર્મિત પુસ્તકાલયનું લોકાર્પણ તા. ૧૯ જુલાઈ, ૨૦૨૬ના રોજ પૂજ્ય મોરારિબાપુના હસ્તે કરવામાં આવ્યું હતું.જાયન્ટ્સ ગ્રુપ ઓફ નૈરોબી દ્વીગાના સહયોગથી નિર્માણ પામેલા આ પુસ્તકાલયનો મુખ્ય હેતુ આફ્રિકન બાળકોમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવાનો અને વાંચનની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો છે.આ પ્રસંગે જાણકારી આપવામાં આવી હતી કે કેન્યાના વિવિધ શહેરોની કુલ છ શાળાઓમાં વિદ્યાર્થીઓને પુસ્તકો, યુનિફોર્મ, કંપાસ બોક્સ, નોટબુક સહિત અંદાજે રૂ. ૨.૫ લાખની શૈક્ષણિક સામગ્રી દરેક શાળાને આપવામાં આવશે. ઉપરાંત કીટાલે ખાતે ડાયાલિસિસ સેન્ટરની શરૂઆત પણ આ પ્રવાસ દરમિયાન કરવામાં આવનાર છે.

આ સમગ્ર સેવાકાર્ય માટે યોજાયેલા કાર્યક્રમોની આવક જરૂરિયાતમંદ આફ્રિકન લોકોના આરોગ્ય અને શિક્ષણ માટે સમર્પિત કરવામાં આવશે.લોકાર્પણ સમારોહમાં જાયન્ટ્સ ગ્રુપ ઓફ નૈરોબી દ્વીગાના ચેરપર્સન શ્રીમતી ચેતનાબહેન દેસાઈ, જાણીતા લેખક અને વક્તા ડૉ. ભદ્રાયુ વછરાજાની, સુપ્રસિદ્ધ કવિ અને સંચાલક ડૉ. નીતિન વડગામા, સુરેન્દ્રનગરની દર્શન વિદ્યાલયના સંચાલક મહેશભાઈ કાનાણી, કેન્યાના સમાજસેવક મુકેશભાઈ દેસાઈ તેમજ જાણીતા હાસ્યકલાકાર જગદીશ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 20/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગાયનેક નર્સિંગ સ્ટાફ ની જરૂર છે..

# દ્વારકાધીશ વુમન્સ હોસ્પિટલ

અનુભવી ને પહેલી પસંદગી
તેમજ સાફ સફાઈ માટે
લેડીઝ સ્ટાફની જરૂર છે.
રૂબરૂ મુલાકાત લેવી..
સાંજે 5 થી 8

**મહુવારોડ, સાવરકુંડલા.**
**મો. 76007 68076**

કે.ડી. NEWS

તારીખ : 20/07/2026

# ડિવાઈન વર્ક, ડિવાઈન વોન્ટ અને ડીવાઈન વર્ડ સૂત્ર દ્વારા ચાતુર્માસ સફળ બનાવો - ધીરગુરુદેવ




દશવૈકાલિક સૂત્રની વિમોચન વિધિ શ્રી સૌરાષ્ટ્ર સ્થાનકવાસી જૈન સંઘ, દોઢીવાળા જૈનભવનના ઉપક્રમે નંદુભવનમાં પૂ.શ્રી ધીરગુરુદેવના સાંનિધ્ય સાધ્વીજી પૂ. ચંદનાજી મ. સ.,પૂ. શિવાનીજી મ. સ. નો ચાતુર્માસ પ્રવેશ ધર્મોલ્લાસપૂર્વક ઉજવાયેલ .આ પ્રસંગે ગુરુદેવે જણાવેલ કે ડીવાઈન વર્ક , ડિવાઈન વોન્ટ અને ડીવાઈન વર્ડ અર્થાત્ દરેક કાર્યકર્તાએ એવું કામ કરવું કે પ્રત્યેકના દિલમાં સ્થાન મળે.

પોતાના આત્માને લાભ થાય તેવી ઈચ્છા કરવી.શબ્દોથી વ્યક્તિને મપાય છે. શબ્દો જોખી જોખીને બોલો. શ્રી પી.એમ. ફાઉન્ડેશન પ્રકાશિત દશવૈકાલિક સૂત્ર ભાગ - ૨ ની વિમોચન વિધિ માલિનીબેન સંઘવી, ઉમેશ સંઘવી, અમીશા વોરા, જુલી શાહ , રાહુલ દેસાઈ ના હસ્તે કરાયેલ.કામળી, નવકાર કળશ , માળા , સાધર્મીભક્તિના લાભાર્થી અવીરા સિદ્ધાર્થ વોરા , હરીશ અને ટીનેશ બાટવીયા, નીલેશ વધાણી, તરૂબેન અશોક ભાયાણી એ લીધેલ. પાંજરાપોળ ગૌમાતા ઘાસચારા સંગ્રહ કક્ષનો ₹ ૫૧,૦૦૦ લેખે ૧૦ દાતાઓએ લાભ લીધેલ.





નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 20/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# વાંકા-ચુકા દાંતની સારવારનાં નિષ્ણાંત

## અમરેલી જિલ્લાનાં એકમાત્ર M.D.S.

# ડો. દેવાંગ બી. પંડયા

**B.D.S., M.D.S.(orthodontics)**
**Double-Slot System (Brazil)**



દાંત, મોં તથા જડબાને લગતાં તમામ રોગોની સારવાર માટેની એકમાત્ર હોસ્પિટલ

# દેવ ડેન્ટલ કિલનીક & ઇમ્પ્લાન્ટ સેન્ટર

**સમય : સવારે ૯ થી ૧ / સાંજે ૪ થી ૮**


સ્થળ : ઇન્દુ પ્લાઝા કોમ્પ્લેક્ષ, મણીભાઇ ચોક, સાવરકુંડલા. મો. ૭૭૭૭૯ ૧૧૦૦૭

કે.ડી. NEWS

તારીખ : 20/07/2026

# સરદાર સેવા પટેલ સમિતિ, સાવરકુંડલાના પ્રમુખ પરસોતમભાઈ કાનાણીની મુખ્યમંત્રીને રજૂઆત

સાવરકુંડલા શહેરના જેસર રોડ સ્થિત સરદાર પટેલ સોસાયટી ખાતે નિવાસી તથા સરદાર સેવા પટેલ સમિતિ, સાવરકુંડલાના પ્રમુખ પરસોતમભાઈ જી. કાનાણીએ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર પાઠવી ખેડૂતો, માલધારીઓ અને ગ્રામ્ય વિસ્તારોના લોકોના હિતને સ્પર્શતા મહત્વના મુદ્દાઓ અંગે રજૂઆત કરી છે.પત્રમાં તેમણે જણાવ્યું છે કે રાજ્યના વિવિધ વિસ્તારોમાં સિંહ, દીપડો સહિતના હિંસક વન્યપ્રાણીઓના હુમલામાં ખેડૂતો, માલધારીઓ, મજૂરો તેમજ તેમના પશુઓના મોત અથવા ગંભીર ઈજાના બનાવો વારંવાર સામે આવે છે. આવી દુર્ઘટનાઓથી માત્ર એક વ્યક્તિ કે પશુનું નુકસાન થતું નથી, પરંતુ સમગ્ર પરિવાર પર આર્થિક અને માનસિક સંકટ તૂટી પડે છે. ખેડૂતો અને માલધારીઓ માટે ખેતી તથા પશુપાલન જીવનનિર્વાહનું મુખ્ય સાધન હોવાથી તેઓ જોખમ હોવા છતાં ખેતર અને જંગલ વિસ્તારની નજીક કામ કરવા મજબૂર બને છે.તેમણે સરકારને વિનંતી કરી છે કે હિંસક વન્યપ્રાણીઓના સંરક્ષણની સાથે માનવજીવન અને પશુધનની સુરક્ષા પણ એટલી જ મહત્વની છે. જામનગર ખાતે અનંત અંબાણી દ્વારા વિકસાવવામાં આવેલા વનતારા પ્રોજેક્ટમાં હજારો વન્યપ્રાણીઓની સુચારૂ સંભાળ રાખવામાં આવી રહી છે, તેનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું કે જો ખાનગી સ્તરે આવી વ્યવસ્થા શક્ય હોય તો સરકાર પણ વધુ સુવ્યવસ્થિત આયોજન દ્વારા વન્યપ્રાણીઓ માટે યોગ્ય અભ્યારણ્ય અને સંરક્ષણ વ્યવસ્થા ઉભી કરી શકે, જેથી કોઈ નિર્દોષ માણસ કે પશુ હિંસક પ્રાણીઓનો ભોગ ન બને.તેમણે સ્પષ્ટ કર્યું છે કે તેમની રજૂઆતનો હેતુ કોઈપણ વન્યપ્રાણીને નુકસાન પહોંચાડવાનો નથી, પરંતુ વન્યજીવ સંરક્ષણ અને માનવ સુરક્ષા વચ્ચે સંતુલન જળવાઈ રહે તે માટે અસરકારક


શ્રી સરદાર પટેલ સેવા સમિતિ - સાવરકુંડલા

પ્રમુખશ્રી,
શ્રી સરદાર પટેલ સેવા સમિતિ
સાવરકુંડલા.

આયોજન કરવામાં આવે.આ ઉપરાંત પરસોતમભાઈ કાનાણીએ અમરેલી જિલ્લાના સાવરકુંડલા અને લીલીયા તાલુકાના ખારાપાટ વિસ્તારને સિંચાઈનો લાભ મળે તે માટે સરકાર જરૂરી આયોજન કરે તેવી પણ મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરી છે. તેમણે જણાવ્યું કે સિંચાઈની સુવિધા ઉપલબ્ધ થતાં આ વિસ્તારના ખેડૂતોને કૃષિ વિકાસમાં મોટો લાભ મળશે અને તેમની આર્થિક સ્થિતિ વધુ મજબૂત બનશે.આ અંગેની રજૂઆત પરસોતમભાઈ જી. કાનાણી, પ્રમુખ, સરદાર સેવા પટેલ સમિતિ, સાવરકુંડલા દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલને કરવામાં આવી છે.

તારીખ : 20/07/2026

# હારમાં પણ જીતનો હીરો: રોહિતે બેટથી આપ્યો જવાબ, 2027 વર્લ્ડ કપનું સપનું ફરી જીવંત કર્યું







ભારત ભલે ઈંગ્લેન્ડ સામેની ત્રણ મેચની વન-ડે શ્રેણી 2-1થી હારી ગયું હોય, પરંતુ શ્રેણીની અંતિમ મેચ ભારતીય ક્રિકેટ માટે અનેક રીતે યાદગાર બની રહી. સૌની નજર ભારતના પૂર્વ કેપ્ટન રોહિત શર્માના પ્રદર્શન પર હતી. છેલ્લા કેટલાક સમયથી તેમના ફોર્મ અને ભવિષ્યને લઈને ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે આ મેચ તેમની માટે અગ્નિપરીક્ષા સમાન હતી.ઈંગ્લેન્ડે પ્રથમ બેટિંગ કરતાં ભારત સામે 389 રનનો વિશાળ લક્ષ્યાંક મૂક્યો હતો. તેના જવાબમાં ભારતીય ટીમનો મજબૂત પ્રારંભ થયો. રોહિત શર્માએ શાનદાર બેટિંગ કરતાં માત્ર 110 બોલમાં 17 ચોગ્ગા અને 5 છગ્ગાની મદદથી 138 રનની ધમાકેદાર ઈનિંગ્સ રમી હતી. શુભમન ગિલે 77 અને વિરાટ કોહલીએ 74 રનનું મહત્વપૂર્ણ યોગદાન આપ્યું, પરંતુ અન્ય બેટ્સમેન મોટી ઈનિંગ્સ રમી શક્યા નહીં અને ભારત લક્ષ્ય સુધી પહોંચી શક્યું નહોતું.જોકે ભારતને મેચ અને શ્રેણીમાં હારનો સામનો કરવો પડ્યો, પરંતુ રોહિત શર્માની આ ઈનિંગ્સે તમામ ચર્ચાઓનો અંત લાવી દીધો. ઘણા ક્રિકેટ ચાહકો અને નિષ્ણાતોનું માનવું હતું કે જો આ મેચમાં પણ રોહિત નિષ્ફળ જાય, તો તેમના ભવિષ્ય અંગેના પ્રશ્નો વધુ તેજ બનશે. પરંતુ રોહિતે પોતાના બેટથી જ તમામ ટીકાકારોને જડબાતોડ જવાબ આપ્યો.ભારતના પૂર્વ ઓલરાઉન્ડર યુવરાજ સિંહે પણ સોશિયલ મીડિયા પર રોહિતની પ્રશંસા કરતાં લખ્યું કે,"ભાઈએ ફરી એકવાર બેટથી જવાબ આપ્યો." આ ઈનિંગ્સ સાથે રોહિતે 2027ના વન-ડે વર્લ્ડ કપમાં રમવાના પોતાના ઈરાદાને પણ વધુ મજબૂત બનાવ્યો હોવાનું ક્રિકેટ વર્તુળોમાં માનવામાં આવી રહ્યું છે.આ મેચનું એક ભાવુક દૃશ્ય પણ સૌના હૃદયને સ્પર્શી ગયું. રોહિત શર્માએ પોતાની સદી પૂર્ણ કરતાં જ સ્ટેન્ડમાં હાજર તેમની પત્ની રીતિકા સજદેહની આંખોમાં હરખના આંસુ આવી ગયા હતા. વર્ષો સુધીનો સાથ, વિશ્વાસ અને પ્રાર્થના જ્યારે સફળતામાં બદલાય, ત્યારે ખુશીના આંસુઓ આપોઆપ વહેતા થઈ જાય છે. આ દૃશ્યે એ વાતને ફરી એકવાર સાચી ઠેરવી કે "સાચા સાથ અને પ્રાર્થનાનું ફળ એક દિવસ જરૂર મળે છે."ઉલ્લેખનીય છે કે આ મેચ રોહિત શર્મા અને વિરાટ કોહલી માટે પણ ઐતિહાસિક બની રહી હતી. બંને દિગ્ગજોએ સાથે મળીને 400મી આંતરરાષ્ટ્રીય મેચ રમવાની અનોખી સિદ્ધિ પોતાના નામે નોંધાવી, જે ભારતીય ક્રિકેટના સુવર્ણ અધ્યાયમાં વધુ એક ગૌરવપૂર્ણ પાનું ઉમેરે છે.હાર છતાં આ મેચે એક વાત સ્પષ્ટ કરી દીધી કે મહાન ખેલાડીઓની ઓળખ મુશ્કેલ સમયમાં જ થાય છે, અને રોહિત શર્માએ ફરી એકવાર પોતાના બેટથી તે સાબિત કરી બતાવ્યું.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 20/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.
99041 41874 / 70961 31005

ક્રેડૌ NEWS
તારીખ : 20/07/2026

# સાવરકુંડલાના વોર્ડ નં. ૫માં વિકાસની ગતિ તેજ

## ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના માર્ગદર્શન હેઠળ વણઝારા વાસમાં નવીન રોડનું ખાતમુહૂર્ત



સાવરકુંડલા નગરપાલિકાના વોર્ડ નંબર ૫માં વિકાસના નવા અધ્યાયનો શુભારંભ થયો છે. ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાળાના સીધા માર્ગદર્શન હેઠળ, વોર્ડના લોકપ્રિય સદસ્ય શ્રી ચંપુભાઈ ધાધલ અને ઉષાબેન મહેતાના પ્રયાસોથી વોર્ડ નં. ૫ના વણઝારા વાસ વિસ્તારમાં નવા રોડના નિર્માણ માટે ખાતમુહૂર્ત સંપન્ન કરવામાં આવ્યું હતું.આ વિકાસલક્ષી કાર્યના ખાતમુહૂર્ત પ્રસંગે નગરપાલિકા પ્રમુખ શ્રીમતી નયનાબેન કાપડિયા, ઉપપ્રમુખ શ્રીમતી નુતનબેન તન્ના, પક્ષના નેતા શ્રી દિનેશભાઈ રાઠોડ, કારોબારી ચેરમેન શ્રી જીગ્નેશભાઈ ટાંક, દંડક શ્રી અરવિંદભાઈ મેવાડા અને પાર્ટીના વરિષ્ઠ આગેવાન શ્રી કેશુભાઈ વાઘેલાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.આ અવસરે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા શાસ્ત્રોક્ત વિધિ સાથે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અન્ય પદાધિકારીઓ તથા કાર્યકરોમાં સદસ્યશ્રીના પ્રતિનિધિ શ્રી જીગ્નેશભાઈ મહેતા, વિસ્તારના અગ્રણી શ્રી તખુભાઈ ખુમાણ, પૂર્વ કાઉન્સિલર શ્રી કેશુભાઈ બગડા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.વણઝારા વાસ વિસ્તારના રહિશો માટે આ સુવિધા લાંબા સમયથી પ્રતિક્ષિત હતી, જે પૂર્ણ થતા સ્થાનિકોએ ભારે હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. ધારાસભ્યશ્રીના નેતૃત્વમાં થઈ રહેલા આ લોકઉપયોગી કાર્યોથી સમગ્ર વોર્ડમાં આનંદની લહેર જોવા મળી રહી છે. કાર્યક્રમ દરમિયાન વિસ્તારના મોટી સંખ્યામાં રહીશો ઉપસ્થિત રહી વિકાસના આ અવસરના સાક્ષી બન્યા હતા.

તારીખ : 20/07/2026

# ધારીમાં તેજસ્વી વિદ્યાર્થીઓ, જનપ્રતિનિધિઓ અને સમાજના શ્રેષ્ઠીઓનું ભવ્ય સન્માન

અમરેલી જીલ્લાના ધારીની દામાણી હાઈસ્કૂલ ખાતે શ્રી સંત શિરોમણી ગુરુ રવિદાસ વિશ્વ મહાપીઠ, અમરેલી જિલ્લા દ્વારા અનુસૂચિત જાતિના તેજસ્વી તારલાઓ, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વિજેતા જનપ્રતિનિધિઓ તેમજ સંગઠનના હોદ્દેદારોના સન્માન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.સમારોહમાં રાજ્ય કક્ષાના મંત્રી તથા અમરેલીના ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરિયા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

તેમણે તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી તેમજ આયોજકોના આ પ્રયાસને સમાજ માટે પ્રેરણાદાયી ગણાવ્યો હતો.આ પ્રસંગે પૂર્વ કેબિનેટ મંત્રી આત્મારામભાઈ, અમરેલી જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ શ્રી અતુલભાઈ કાનાણી, ધારી નગરપાલિકાના પ્રમુખ જયદીપભાઈ બસીયા સહિત રાજકીય, સામાજિક અને ધાર્મિક ક્ષેત્રના અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

સમારોહ દરમિયાન સમાજના વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપનાર શ્રેષ્ઠીઓનું શાલ, મોમેન્ટો અને સન્માનપત્ર અર્પણ કરીને બહુમાન કરવામાં આવ્યું હતું. સાથે જ શિક્ષણ, સામાજિક સેવા તથા અન્ય ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ સિદ્ધિ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓને પણ સન્માનિત કરી તેમના મનોબળમાં વધારો કરવામાં આવ્યો હતો.સમગ્ર કાર્યક્રમ ઉત્સાહપૂર્ણ અને ગૌરવપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો. ઉપસ્થિત મહાનુભાવોએ શિક્ષણ, સંગઠનશક્તિ અને સમાજસેવાના મૂલ્યોને વધુ મજબૂત બનાવવા માટે સૌને પ્રેરણા આપી હતી.

આયોજકોએ કાર્યક્રમને સફળ બનાવવા બદલ તમામ મહેમાનો, આગેવાનો અને ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.







તારીખ : 20/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



કે.ડી. NEWS

તારીખ : 20/07/2026

# ઠવીની મંગલમ વિદ્યામંદિરમાં વિદ્યાર્થીઓએ પ્રતિકાત્મક બેંક બનાવી મેળવી વ્યવહારુ બેંકિંગની સમજ



સાવરકુંડલા તાલુકાના ઠવી ગામ ખાતે આવેલ મુરલીધર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત મંગલમ વિદ્યામંદિરમાં વિદ્યાર્થીઓમાં નાણાકીય જાગૃતિ અને બેંકિંગ અંગે વ્યવહારુ સમજ વિકસે તે હેતુથી અનોખી બેંકિંગ જાગૃતિ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. સાવરકુંડલા, જેસર અને ગારિયાધાર તાલુકાના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ માટે આ પ્રવૃત્તિ અત્યંત પ્રેરણાદાયી અને જ્ઞાનવર્ધક બની હતી.કાર્યક્રમ દરમિયાન ધોરણ-12ના વિદ્યાર્થીઓએ શાળા પરિસરમાં પ્રતિકાત્મક બેંકનું નિર્માણ કરી બેંકની દૈનિક કામગીરીનું જીવંત પ્રદર્શન કર્યું હતું. બેંકમાં ખાતું કેવી રીતે ખોલવું, અરજીપત્રક ભરવાની પદ્ધતિ, રોકડ જમા અને ઉપાડની પ્રક્રિયા, વિવિધ પ્રકારની લોન મેળવવાની રીત તેમજ કૃષિ લોન સહિતની અગત્યની બેંકિંગ સેવાઓ વિશે સરળ અને વ્યવહારુ માહિતી આપવામાં આવી હતી.વિદ્યાર્થીઓએ બેંકના વિવિધ વિભાગોની ભૂમિકા પ્રાયોગિક રીતે રજૂ કરી અન્ય વિદ્યાર્થીઓને સરળ ભાષામાં માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકના જ્ઞાન સાથે જીવનોપયોગી બેંકિંગ વ્યવહારની સમજ પણ પ્રાપ્ત થઈ હતી.શાળાના તમામ ધોરણોના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ બેંકિંગ વ્યવસ્થાને નજીકથી સમજવાની ઉત્તમ તક મેળવી હતી. મંગલમ વિદ્યામંદિર દ્વારા આયોજિત આ નવીન પ્રવૃત્તિ વિદ્યાર્થીઓમાં નાણાકીય સાક્ષરતા અને આત્મવિશ્વાસ વધારવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ હતી.

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 20/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## હવે બનશે આપના ધંધા ની

# ડીઝીટલ પ્રોફાઇલ

## દરેક ધંધાર્થીનું ડીઝીટલ હાઉસ

### જેમાં આપને મળશે..

* તમારો પોતાનો ડીઝીટલ સ્ટોર
* તમારા ધંધાનું ઓનલાઇન માર્કેટ
* ગ્રાહકો સાથે સીધી વાત
* ઓર્ડર અને ગ્રાહકોનો સરળ રેકોર્ડ
* મોબાઈલમાં સરળ અને ઝડપી મેનેજમેન્ટ
* ગ્લોબલ ટાર્ગેટ ઓડીયન્સ
* વિશ્વસનીય, સુરક્ષિત અને વિશ્વાસપાત્ર

### મુખ્ય સુવિધાઓ

* અનલિમિટેડ કેટેગરીઝ & પ્રોડક્ટ
* વિડીયો ગેલેરી
* કોન્ટેક્ટ ડીટેઈલ્સ
* વોટસઅપ ડાયરેક્ટ ચેર
* કિલક ટુ કોલ
* ગુગલ મેપ લોકેશન
* બિઝનેસ માહિતી અપડેટ કરવાની સુવિધા
* કસ્ટમર રિવ્યુઝ
* સોશયલ મિડીયા લિંક્સ
* મોબાઈલ ફ્રેન્ડલી ડીઝાઇન

વધુ વિગત માટે વાંચતા રહો...

તારીખ : 20/07/2026

# મહાન સ્વતંત્રતા સેનાની બટુકેશ્વર દત્તજીની આજે પુણ્યતિથિ



મા ભારતીની આઝાદી માટે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરનાર મહાન ક્રાંતિકારી બટુકેશ્વર દત્તજીનું યોગદાન ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના ઈતિહાસમાં સદૈવ અવિસ્મરણીય રહેશે. દેશની સ્વતંત્રતા માટે તેમણે અડગ સાહસ, અખૂટ દેશભક્તિ અને અવિચળ સંકલ્પ સાથે અનેક કષ્ટો સહન કર્યા, પરંતુ રાષ્ટ્રપ્રેમના માર્ગેથી ક્યારેય ડગ્યા નહીં.તેમનું સમર્પણ, સંઘર્ષ, ત્યાગ અને દેશપ્રેમ આજની યુવા પેઢી સહિત દરેક ભારતીયને રાષ્ટ્રસેવા, કર્તવ્યનિષ્ઠા અને દેશહિત માટે નિઃસ્વાર્થ ભાવથી કાર્ય કરવાની પ્રેરણા આપે છે. તેમના ઉચ્ચ આદર્શો, ક્રાંતિકારી વિચારો અને દેશ માટેના અવિસ્મરણીય બલિદાન દેશવાસીઓના હૃદયમાં હંમેશા અમર રહેશે.

કે.ડી. NEWS

તારીખ : 20/07/2026

# બગસરા ટાઉન વિસ્તારમાં સિનીયર સિટીઝનની રોકડ રકમ ભરેલી થેલી ખોવાઈ જતા બગસરા પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી પરત અપાવી





અમરેલી જિલ્લાના બગસરા ટાઉન વિસ્તારમાં એક સિનીયર સિટીઝનની રોકડ રકમ ભરેલી થેલી અચાનક પડી જતાં તેઓ ચિંતિત બન્યા હતા. ઘટનાની જાણ બગસરા પોલીસને કરવામાં આવતા પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી.પોલીસ દ્વારા આસપાસના વિસ્તારની તપાસ, જરૂરી પૂછપરછ તેમજ અન્ય ઉપલબ્ધ માહિતીના આધારે શોધખોળ હાથ ધરવામાં આવી હતી. સઘન પ્રયાસોના પરિણામે રોકડ રકમ ભરેલી થેલી શોધી કાઢી હતી અને તેની ખાતરી કર્યા બાદ સંબંધિત સિનીયર સિટીઝનને સલામત રીતે પરત સોંપવામાં આવી હતી.બગસરા પોલીસની ઝડપી કામગીરી, સતર્કતા અને જનસેવા પ્રત્યેની પ્રતિબદ્ધતાના કારણે સિનીયર સિટીઝન તથા તેમના પરિવારજનોએ પોલીસનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આ ઘટનાએ બગસરા પોલીસની પ્રામાણિકતા, સંવેદનશીલતા અને લોકોના વિશ્વાસને વધુ મજબૂત બનાવ્યો છે.

કે.ડી. NEWS

તારીખ : 20/07/2026

# એમ. એલ. શેઠ સ્કૂલમાં યોજાયો હૃદયસ્પર્શી 'માતૃવંદના' કાર્યક્રમ – માતા અને સંતાનના પ્રેમથી સમગ્ર વાતાવરણ બન્યું ભાવવિભોર







*જે ગયા શનિવારે તારીખ 18 જુલાઈ 2026 ના દિવસે શાળા આંગણે આયોજિત હતું અમરેલીની *એમ. એલ. શેઠ સ્કૂલસાવરકુંડલા ખાતે ધોરણ 6 થી 8 (ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ)ના વિદ્યાર્થીઓ માટે આયોજિત *'માતૃવંદના' કાર્યક્રમ** પ્રેમ, સંસ્કાર અને લાગણીઓનો અવિસ્મરણીય ઉત્સવ બની રહ્યો.કાર્યક્રમ દરમિયાન દરેક વિદ્યાર્થીએ પોતાની માતાના ચરણોમાં પુષ્પ અર્પણ કરી, તિલક કરી અને તેમના ચરણસ્પર્શ કરીને આશીર્વાદ મેળવ્યા. આ પવિત્ર દૃશ્યો નિહાળતાં અનેક માતાઓ પોતાની લાગણીઓ રોકી શકી નહીં. તેમની આંખોમાંથી વહેતા આનંદાશ્રુઓએ માતૃત્વના અખૂટ પ્રેમ અને સંતાન પ્રત્યેના સમર્પણને જીવંત કરી દીધું. સમગ્ર શાળાનું વાતાવરણ ક્ષણભર માટે લાગણીઓથી ભીંજાઈ ગયું હતું.કાર્યક્રમની સૌથી હૃદયસ્પર્શી ક્ષણ ત્યારે સર્જાઈ જ્યારે દરેક માતાએ પોતાના સંતાનને પોતાના હાથે પ્રેમપૂર્વક ભોજન કરાવ્યું. જાણે વર્ષો પછી ફરી એકવાર બાળક પોતાના બાળપણમાં પહોંચી ગયું હોય અને માતાના હાથનો પ્રેમભર્યો કોળિયો જીવનનો સૌથી અમૂલ્ય આશીર્વાદ બની ગયો હોય. આ દૃશ્ય જોઈને ઉપસ્થિત સૌની આંખો ભીની થઈ ગઈ. એવું લાગતું હતું કે માતાના પ્રેમ સામે દુનિયાની દરેક સંપત્તિ નાની છે.

આ પ્રસંગે શાળાના ટ્રસ્ટીશ્રીએ કાર્યક્રમની હાર્દિક પ્રશંસા કરતાં જણાવ્યું કે, *બાળકોમાં માતા પ્રત્યે આદર, કૃતજ્ઞતા અને ભારતીય સંસ્કૃતિના મૂલ્યોનું સિંચન કરતો આવો કાર્યક્રમ આજના સમયમાં અત્યંત જરૂરી છે.* તેમણે વિદ્યાર્થીઓ, વાલીઓ અને સમગ્ર સ્ટાફને શુભેચ્છાઓ પાઠવી હતી.કાર્યક્રમને સફળ બનાવવા બદલ શાળાના પ્રિન્સિપાલશ્રી *રેખાબેન, **વજુભાઈ, **ધર્મેશભાઈ* તથા સમગ્ર શિક્ષકગણ અને સ્ટાફનો ટ્રસ્ટીશ્રીએ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.ખરેખર, આ માત્ર એક કાર્યક્રમ નહોતો, પરંતુ *માતા અને સંતાનના અતૂટ પ્રેમ, આદર, સંસ્કાર અને કૃતજ્ઞતાનો જીવંત ઉત્સવ* હતો. ઉપસ્થિત દરેક વ્યક્તિ આ ભાવુક ક્ષણોને જીવનભર યાદ રાખશે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 20/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## એનિવર્સરી કેક - બેબીશાવર કેક - સગાઈ કેક
## ફોન્ડન્ટ કેક - મેક અપ કીટ કેક - ફોટો કેક

## અઢળક કેકની વેરાયટીઓ



## New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

**અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.**

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

**લાઈવ કેક** માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 20/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# HAPPY BIRTHDAY



## કિરણ સોલંકી
## હોમગાર્ડ જવાન

HAPPY BIRTHDAY

તારીખ : 20/07/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# HAPPY BIRTHDAY



## સિરાજખાન ચોકાવાળા

HAPPY BIRTHDAY

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 20/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# HAPPY BIRTHDAY



## જયસુખદાદા બી મહેતા
## સાવરકુંડલા

HAPPY BIRTHDAY


ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526
1,23,873
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
Reels
Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634
94,382
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 20/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"વેશ્યાના રૂપનાં વખાણ કરવાનું મન જેમ નથી જ થતું, કૃપણની સંપત્તિની પ્રશંસા કરવાનું મન જેમ નથી જ થતું, ક્રૂરના બળ પર ઓવારી જવાનું મન જેમ નથી જ થતું તેમ નિંદકના કોઈ પણ ગુણની પ્રશંસા કરવાનું મન નથી જ થતું."




**આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ**



કે.ડી. NEWS
તારીખ : 20/07/2026
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
**Year2026**


Gurutattva

**3459**
**20/07/2026**
**Monday**

## आत्मा

गुरु का शरीर परमात्मा
नहीं होता वह तो केवल
परमात्मा का "माध्यम"
होता है।

बाबास्वामी
20/7/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram :** t.me/ShreeShivkrupanandSwami **Whatsapp :** Shivkrupanand Swami

તારીખ : 20/07/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




# ગલગલીયા

**મિત્ર:** "ભાઈ, તારી ઘડિયાળ કેટલીની છે?"હું: "સમય તો એ જ બતાવે છે, પણ ભાવ સાંભળીને લોકો સમય ભૂલી જાય!" .

**એક** ભાઈ ₹50 લાખની કાર લઈને ચાની કીટલી પર ગયો...ચાવાળાએ પૂછ્યું: "ચા કપમાં આપું કે કારના EMIમાં?"

**મોંઘી** કારનો સૌથી મોટો ફાયદો શું? પાડોશી રોજ પૂછે:"ભાઈ, આજે ક્યાં જવાના?"અને તમે કહો: “પેટ્રોલ ભરાવવા!"

તારીખ : 20/07/2026
કે.ડી. NEWS
નો નેગેટીવ ન્યુઝ
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 20 જુલાઈ
# મહત્વની ઘટનાઓ

૧૯૦૮ – વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજા દ્વારા વડોદરા રજવાડામાં બેંક ઓફ બરોડાની સ્થાપના કરવામાં આવી.

૧૯૬૦ – શ્રીલંકામાં, શિરીમાવો ભંડારનાયકે ચુંટાઇ આવ્યા. તેઓ વિશ્વના પ્રથમ ચુંટાયેલા મહિલા વડાપ્રધાન બન્યા.

૧૯૬૮ – શિકાગોના સોલ્જર ફિલ્ડ ખાતે પ્રથમ આંતરરાષ્ટ્રીય વિશેષ ઓલિમ્પિક ગ્રીષ્મ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું, જેમાં બૌદ્ધિક વિકલાંગતા ધરાવતા લગભગ ૧,૦૦૦ એથ્લીટ્સે ભાગ લીધો.

**જન્મ**

૧૯૧૩ – સાવિત્રી ખાનોલકર, ભારતના સર્વોચ્ચ લશ્કરી સન્માન પરમવીર ચક્રની ડિઝાઈન માટે જાણીતા ડિઝાઈનર (અ. ૧૯૯૦)

૧૯૧૯ – એડમંડ હિલેરી, હિમાલય સર કરનારા પ્રથમ પર્વતારોહીઓ પૈકીના એક (અ. ૨૦૦૮)

૧૯૨૯ – રાજેન્દ્ર કુમાર ભારતીય અભિનેતા (અ. ૧૯૯૯)

૧૯૩૧ – શકુંતલા કરંદીકર, મરાઠી લેખિકા અને દાનવીર (અ. ૨૦૧૮)

૧૯૫૦ – નસીરુદ્દીન શાહ ભારતીય અભિનેતા

૧૯૭૬ – દેબાષિશ મોહન્તી ભારતીય ક્રિકેટર

**અવસાન**

૧૯૬૫ – બટુકેશ્વર દત્ત, ભારતીય ક્રાંતિકારી (જ. ૧૯૧૦)

૧૯૭૨ – ગીતા દત્ત, ભારતીય ગાયિકા અને અભિનેત્રી (જ. ૧૯૩૦)

૧૯૭૩ – બ્રુસ લી, અમેરિકન અભિનેતા અને માર્શલ આર્ટિસ્ટ (જ. ૧૯૪૦)

૧૯૭૪ – કમલ દાસગુપ્તા, બંગાળી સંગીત નિર્દેશક, સંગીતકાર અને લોકકલાકાર (જ. ૧૯૧૨)

૧૯૮૨ – મેડેલીન સ્લેડ, ભારતીય સ્વતંત્રતા ચળવળના નેતા, મહાત્મા ગાંધીના અનુયાયી (જ. ૧૮૯૨)

૨૦૧૦ – અમિત જેઠવા, ભારતીય પર્યાવરણવાદી અને સામાજિક કાર્યકર્તા (જ. ૧૯૭૫)

૨૦૧૪ – નાનકભાઈ મેઘાણી, ઝવેરચંદ મેઘાણી અને તેમના પ્રથમ પત્ની દમયંતિબેનના પુત્ર (જ. ૧૯૩૧)

**તહેવારો અને ઉજવણીઓ**

આંતરરાષ્ટ્રીય શતરંજ દિવસ

તારીખ : 20/07/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# વ્યાપારી માટે




# હોલસેલ ભાવે

## નાની-મોટી

# ચીઠ્ઠી બુક

# વિદ્યાર્થીઓ માટે

# રફ ચોપડા



## તેમજ

## લખવા માટેની

# કોરી પસ્તી

SINCE 1923 KD NEWS PAPER

# દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 20/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

**94997 97973**

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 20/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



# કે.ડી NEWS

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




76K

52K

38K

100K

**સંપર્ક : મો. 94997 97973**